ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આંદોલનોને પગલે સચિવાલયની કિલ્લેબંધી

## ખેડૂતો, પૂર્વ સૈનિકો અને સરકારી કર્મચારીઓના આંદોલનો મજબૂત બનતા સચિવાલય અને વિધાનસભામાં પ્રવેશ અટકાવાયો : તમામ ગેટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત



ગાંધીનગર, તા. ૧૪

વિવિધ સંગઠનો અને સરકારી કર્મચારીઓ પોત પોતાની માંગણીઓને લઈને સરકારની સામે પડ્યાં છે. દિવસે દિવસે આંદોલનો ઉગ્ર બનતા સચિવાલય અને વિધાનસભાને ઘેરવાના કાર્યક્રમો યોજાતા સરકારે સચિવાલયમાં પ્રવેશ અટકાવી દીધો છે. તમામ ગેટ બંધ કરી આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ગાંધીનગર જાણે એક સમરાંગણ હોય તેવુ આજકાલ લાગી રહ્યુ છે. કિસાનોએ છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરમાં ધામા નાંખ્યા છે તો પૂર્વ સૈનિકોનું આંદોલન ઉગ્ર રૂપ ધારણ કરી ચૂક્યુ છે. પેરા મેડીકલ સ્ટાફ, પંચાયત કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો સહિતના અનેક સરકારી કર્મચારીઓના સંગઠનો સરકાર સામે મેદાને પડ્યા છે.

સાતમા પગાર પંચની માંગણીથી લઈને જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવાની માંગ તીવ્ર બનતી જાય છે. સરકારી કર્મચારીઓના વિવિધ સંગઠનોએ સરકાર સામે બાંયો ચઢાવી છે. આંદોલનોને ડામી દેવાના પ્રયાસો તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે ખેડૂતો અને નિવૃત્ત સૈનિકો સતત સચિવાલય અને વિધાનસભાની બહાર દેખાવો યોજી રહ્યા છે. વિધાનસભાને ઘેરવાના પ્રયાસો વારંવાર થઈ રહ્યા છે.

આંદોલનકારી સંગઠનો સચિવાલય પરિસરમાં પ્રવેશ ન કરે તે માટે સરકાર દ્વારા પુનઃ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સચિવાલય અને વિધાનસભાની કિલ્લેબંધી કરવામાં આવી છે. સામાન્ય નાગરિકોને જ્યાંથી પ્રવેશ અપાય છે તે ગેટ નં. ૧ માં પ્રવેશ અટકાવાયો છે. ગેટની આસપાસના તમામ માર્ગો પર બેરીકેટ લગાવી બંધ કરી દેવાયા છે. પોલીસવાનને મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવી છે. અન્ય

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની નવી કચેરી નવરાત્રીમાં કાર્યરત કરવા તંત્ર કટિબધ્ધ બન્યુ

## એજન્સીને આ મુદ્દે પેનલ્ટી નોટીસ પણ ફટકારાઈ : રવિવાર સુધીમાં એજન્સી બિલ્ડીંગનો કબ્જો તંત્રને સોંપશે તેવી વાતો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેની નવી કચેરીનું મકાન કાર્યરત ઝડપથી થાય તે દિશામાં એજન્સીને પેનલ્ટી નોટીસ ફટકારી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યુ છે.

મળતી વિગતો મુજબ મનપાએ નવરાત્રીના દિવસોમાં જ તેની નવી કચેરી કાર્યરત થાય તે માટે સ્પષ્ટ મન બનાવી લીધુ છે અને તેથી જ મનપાના ઉચ્ચ અધિકારીઓની મુલાકાત પછી એજન્સીને પેનલ્ટી નોટીસ આપવામાં આવી છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર વડી કચેરીમાં વિવિધ શાખાઓને શિફટીંગની તૈયારીઓ શરૂ કરવાના પણ સ્પષ્ટ સંકેત આપી દેવામાં આવ્યા છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે શ્રાધ્ધપક્ષ પૂર્ણ થતાં જ મનપાની કેટલીક શાખાઓ દ્વારા પ્રથમ યા દ્વિતીય નવરાત્રીથી શિફટીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

મનપાની નવી કચેરીનું બિલ્ડીંગ બે વર્ષથી બની ગયુ છે પરંતુ તેમાં ફીનીશીંગની કામગીરી જે મંથર ગતિએ ચાલતી હતી તેને લઈ તંત્ર પણ કંટાળ્યુ હતુ. આ પછી પેનલ્ટી નોટીસ ઈસ્યુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પેનલ્ટી નોટીસ ઈચ્યુ થયા પછી એજન્સીએ પણ તેના ફિનીશીંગ કામને ઝડપથી પૂર્ણ કરવાની ગતિ વેગીલી કરી દીધી છે. આ રવિવાર સુધીમાં તે બિલ્ડીંગનો કબ્જો તંત્રના અધિકારીઓને આપી દેશે તેમ મનાઈ રહ્યુ છે.

બીજી તરફ આ માસના અંતમાં પ્રધાનમંત્રી મોદી આવે ત્યારે અથવા મુખ્યમંત્રીના હસ્તે આ બિલ્ડીંગને વિધિવત્ કાર્યરત કરવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યુ છે. નવરાત્રી પર્વમાં જ આ નવી કચેરી કાર્યરત કરવામાં આવશે તે સ્પષ્ટ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

હાલની જે મનપાની કચેરી છે તેમાં ઝોન કચેરી કાર્યરત કરવામાં આવશે તેમ પણ આ સૂત્રો કહી રહ્યા છે. શહેરને ત્રણ ઝોનમાં વહેંચવાનો નિર્ણય સ્થાયી સમિતિએ અગાઉ લઈ લીધો છે જે નોંધનીય છે.

# શહેરમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા : જનજીવન ભારે પ્રભાવિત

## ગાંધીનગરમાં મેઘરાજાનો મિજાજ છેલ્લા ઘણાં દિવસોથી વિચિત્ર

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં મેઘરાજાનો મિજાજ છેલ્લા ઘણાં દિવસોથી વિચિત્ર રહેતા મોસમની વિપરિત અસરથી જનજીવન પ્રભાવિત છે. એકબાજુ દિવસનો તાપ પણ વરસાદી મોસમની જેમ હળવો ભારે અનુભવાય છે. ત્યારે વરસાદ પણ સેકટરીયો બની ગયો છે. એક ઠેકાણે ભારે ઝાપટુ વરસાવી પાણી પાણી કરી દે છે. તો કેટલાક સેકટરોમાં વરસાદની ગેરહાજરીના લીધે કોરુધાકોર જોવા મળે છે. આજે પણ રોજની જેમ સાંજના સમયે ગોરંભાયેલા વાદળો કેટલાક સેકટરોમાં ઝાપટુ વરસાવી ગયા હતા. પરંતુ મોડી સાંજે ધોધમાર વરસાદ વરસતા શહેરનું જીવનજીવન પ્રભાવિત થયું હતું. અચાનક પડેલા ભારે વરસાદી ઝાપટાથી નગરજનો મુશ્કેલીમાં મુકાયા હતા.

ગાંધીનગરમાં હાલ વરસાદનો મિજાજ કાંઈક અલગ જોવા મળે છે. ગત ઓગષ્ટમાં બે ત્રણ વાર ભારે વરસાદના અંતે ચોમેર પાણી પાણી જોવા મળ્યુ હતુ જયારે ભાદરવામાં પણ શ્રાવણની જેમ સરવરિયા વરસતા વરસાદના લીધે સાંજ પડે શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાતા જોવા મળે છે. સેકટરીયો વરસાદ જયાં ચઢે ત્યાં પડે તેવી સ્થિતિ જોવા મળે છે. રોજબરોજ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. જયારે શહેરમાં સેકટરીયા વરસાદના લીધે એક સેકટરમાં વરસાદી ઝાપટાના લીધે પાણી ઉભરાતા નજરે પડયા હતા જયારે બીજા સેકટરોમાં વાતાવરણ કોરુ ધાકોર રહેતા સેકટરીયા વરસાદના લીધે નગરજનો પણ વિચિત્ર મોસમની અસર અનુભવી

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના કર્મચારીઓ પણ ૧૭મીએ માસ સી.એલ. પર જશે

ગાંધીનગર, તા. ૧૪

શિક્ષકો દ્વારા ૧૭મીએ અપાયેલા માસ સી.એલ.ના એલાન બાદ આજે પંચાયત કર્મચારી મહામંડળે પણ ૧૭મીએ માસ સી.એલ.નું એલાન આપ્યું છે.

સંયુક્ત મોરચા દ્વારા પણ આ એલાન અંગે તૈયારીઓ ચાલી રહી છે. જો કે કેટલાક જિલ્લામાં મોરચાના આગેવાનો દ્વારા આ એલાન અપાયાનું જાણવા બિનસત્તાવાર રીતે મળેલ છે.

બીજી તરફ આજે ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી મહામંડળની બેઠક પણ પંચાયતની કચેરી ખાતે મળશે અને તેમાં આપવામાં આવેલ એલાન મુજબ સૌને માસ સી.એલ.નો રિપોર્ટ સોંપી દેવાની સૂચના આપવામાં આવશે.

દરમ્યાન રાજ્ય સરકારની મંત્રીમંડળની પેટા સમિતિએ ગઈકાલે કર્મચારી આગેવાનો સાથે મંત્રણાઓ કરી હતી પરંતુ તે ફળદાયી નીવડી નથી. જ્યાં સુધી પગાર પંચના ભથ્થાઓ અંગે સરકાર દ્વારા તૈયારીઓ દર્શાવવામાં આવી છે, પરંતુ જુની પેન્શન યોજના અંગે સરકાર સ્પષ્ટ નથી એટલે મંત્રણાઓ પડી ભાંગી છે. ફિકસ પગારની નીતિને લણ પણ સરકારમાં હજુ ક્યાંક ક્યાંક દ્વિધા જોવા મળી રહી હોવાનું જાણવા મળેલ છે.

# ગુડાની વિવિધ ટીપી વિસ્તારમાં ૫.૪૨ કરોડના ખર્ચે એલઈડી લાઈટ નંખાશે

## જુના અને રસ્તા ખોલવામાં આવ્યા બાદ નવા માર્ગોને અનુલક્ષી તમામ વિસ્તારને આવરી લેવાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં રૂ ૫.૪૨ કરોડના ખર્ચે એલ ઈ ડી લાઈટન નાંખવામાં આવશે. આ કામન મંજુરી આપી દેવામાં આવી છે. જયારે સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવા માટે ગુડા કક્ષાએથી આયોજન પણ કરી દેવાયુ છે.

ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં નવા રસ્તાઓ ખુલ્લા કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે અત્યાર સુધી અનેક ઠેકાણે રસ્તા ખુલ્લા કરી દબાણો પણ દુર કરાયા છે. જેના લીધે આ વિસ્તારને નવા રસ્તાઓ પણ મળ્યા છે. જયારે આ માર્ગોને અનુલક્ષીને સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. નવા વિસ્તાર ઉપરાંત જુના માર્ગોને અનુલક્ષી જે ઠેકાણે લાઈટની સુવિધા ન હોય ત્યાં એજન્સીને બે વર્ષના સમયને ધ્યાનમાં રાખી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે.

ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ આગામી ૨૪ મહીનામાં એકપણ માર્ગ સ્ટ્રીટ લાઈટની સુવિધાથી બાકાત ન રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરના સેકટરોની બાઉન્ડ્રી નજીકના વિસ્તારમાં જ નવુ ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ છે. અલબત્ત આ વિસ્તારમાં પણ વિકાસના અનેકવિધ આયામો સાથે વસતીનુ પ્રમાણ પણ વધ્યુ છે. ન્યુ ગાંધીનગર ધમધમતુ થતા આ વિસ્તારમાં પણ શહેરની જેમ માળખાકીય સુવિધાઓનુ મજબુતીકરણ કરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે બાકી રહેતી સુવિધાઓ ઉભી કરવા માટે ચાલુ વર્ષના બજેટમાં જ નાણાની જોગવાઈ પણ કરવામાં આવી હતી. જયારે ન્યુ ગાંધીનગરના વિવિધ વિસ્તારને અનુલક્ષી નવા અને જુના માર્ગોને ધ્યાનમાં રાખીને એલ ઈ ડી લાઈટ નાંખવા માટે જોગવાઈ કરવામાં આવી હતી. જયારે હવે નવા ખુલ્લા મુકાયેલા અને આગામી દિવસોમાં ખુલ્લા થનારા માર્ગોના નિર્માણ સાથે જ માર્ગો પર અજવાળુ પથરાય તે મુજબની વ્યવસ્થા કરવા માટે ગુડાએ આગોતરુ આયોજન કર્યુ છે. જયારે આ કામગીરી દરમિયાન નવા રસ્તાઓની સાથે જુના માર્ગોને પણ આવરી લેવાશે.

# દહેગામ-કલોલમાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં દહેગામ અને કલોલમાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ થયો જ્યારે ગાંધીનગરમાં ૨૬ ટકા અને અન્ય ત્રણ તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો.

બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં આ ચોમાસાની સિઝનનો સરેરાશ ૭૦૧ મી.મી. ૭૯૦ મી.મી.વરસાદની સામે ૮૦૭ મી.મી. વરસાદ નોંધાયો છે. જે ટકાવારીના સાપેક્ષમાં ૧૦૨.૧૯ ટકા જેટલો થાય છે.

ગાંધીનગર તાલુકામાં ૭૧૧

## ગાંધીનગરમાં ૨૭ ટકા તો માણસામાં ૧૬ ટકાની ઘટ છે : ૨૦૧૭ અને ૨૦૨૦માં આજ તારીખ સુધીમાં ચારેય તાલુકામાં ૧૦૦ ટકા વરસાદ થયો હતો

માણસામાં ૧૩ ટકાની ઘટ વચ્ચે જિલ્લામાં ચોમાસાની સિઝનનો ૯૨.૨૫ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લાના કલોલ તાલુકામાં ગઈકાલે ૨૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જયારે વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચોમાસાની સિઝન દરમ્યાન સરેરાશ ૭૬૦ મી.મી. વરસાદ નોંધાતો હોય છે.

બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામ તાલુકામાં સરેરાશ મી.મી. સામે ૫૧૯ મી.મી. વરસાદ નોંધાયો છે જે ૭૨.૯૬ ટકા જેટલો વરસાદ થાય છે. કલોલમાં ૭૮૪ મી.મી.ની સરેરાશ સામે ૮૧૬ મી.મી. વરસાદ નોંધાયો છે જે ટકાવારીના સાપેક્ષમાં ૧૦૪.૦૬ ટકા જેટલો થાય છે.

માણસામાં ૭૯૨ મી.મી.ની સરેરાશ સામે ૬૬૨ મી.મી. વરસાદ નોંધાયો છે. જે ટકાવારીના સાપેક્ષમાં ૮૩.૫૯ ટકા જેટલો થાય છે.

આમ જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૨.૨૫ ટકા વરસાદ નોંધાયો છે. ચોમાસાની આ સિઝનમાં ખંડીય વૃષ્ટિની ઘટનાઓ વધુ બની છે. ૨૦૨૦ અને ૨૦૧૭ ૧૪મી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લાના ચારેય તાલુકામાં ૧૦૦ ટકા કરતાં વધુ વરસાદ નોંધાયો હતો જે નોંધનીય છે.



કેન્ડલ માર્ચ - ગાંધીનગર આજકાલ આંદોલનોથી ધમધમે છે... નિવૃત્ત આર્મીમેનના આંદોલનમાં અવસાનના પગલે નિવૃત્ત જવાનોનું આંદોલન ઉગ્ર બની ગયું છે... દિવસ દરમિયાન દેખાવો થાય અને થાય જ.... બુધવારે રાત્રે નિવૃત્ત જવાનોની કેન્ડલ માર્ચ સચિવાલય પાસે યોજાઈ હતી.

# જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ

## શહેરના સે. ૪, ૭, ૯, ૧૯માંથી કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ-કલોલમાં એક-એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ધીમી ગતિએ વધ્યા પછી ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના ૬ નવા કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં નવા ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. બન્ને પુરૂષ દર્દી નોંધાયા છે.

દહેગામના બહિયલમાં ૮ વર્ષના બાળકનો રિપોર્ટ અને કલોલના રાંચરડામાં ૫૦ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા બે કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૬ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગુડા દ્વારા રહેણાંક હેતુના ત્રણ પ્લોટની હરાજી માટે પંદર દિવસ મુદત લંબાવાઈ

## ખરીદારોમાં ઉત્સાહ ઓછો : હવે ૨૬ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે જયારે ૩૦ સપ્ટેમ્બરે હરાજી કરાશે

ગાંધીનગર તા ૧૪

ગુડા દ્વારા ૬૨.૫૦ કરોડની તળિયાની કીંમત ધરાવતા રહેણાંકના ત્રણ પ્લોટની ઓનલાઈન હરાજી કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જો કે ગુડાની આ જાહેરાતના અંતે પણ અરજદારોમાં વિશેષ ઉત્સાહ જણાંતો નથી બીજીતરફ ગુડા કક્ષાએથી હરાજીની તારીખ લંબાવી દેવામાં આવી છે. જેમાં ૧૫ દિવસની મુદત લંબાવામાં આવી છે. જેને અનુલક્ષી અરજદારો આગામી તા ૨૬ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે જયારે ૩૦ સપ્ટેમ્બરના રોજ હરાજી કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રૂ ૬૨.૫૦ કરોડની તળિયાની કિંમત ધરાવતા રહેણાંકના ત્રણ પ્લોટની ઓનલાઈન હરાજી કરવા માટે મુદત લંબાવી દેવામાં આવી છે. ગુડા દ્વારા આ માટે ૧૫ દિવસની મુદત લંબાવાનો નિર્ણય કરાયો છે. જેમાં કુડાસણમાં ૫૫૩૯ ચો મી સરગાસણમાં ૨૧૩૬ ચો મી તેમજ વાવોલમાં ૨૭૨૯ ચો મી નો પ્લોટ વેચાણ અર્થે મુકવામાં આવ્યો છે. પરંતુ આ માટે અરજદારોએ વિશેષ ઉત્સાહ ન દાખવ્યો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. જેને અનુલક્ષી અરજીની તા લંબાવી આગામી તા ૨૬ સપ્ટેમ્બર નિયત કરાઈ છે. જયારે હરાજીની તારીખ પણ તા ૩૦ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે. ગુડાની અગાઉની બોર્ડ બેઠક દરમિયાન ગુડાએ નવી આવક મેળવવા માટે અનામત પ્લોટના વેચાણ માટે નિર્ણય કર્યો હતો. જો કે ત્યારબાદ વિવિધ હેતુના ૧૩ પ્લોટને વેચાણ અર્થે મુકવાની પસંદગી સહીતની પ્રકીયાને અનુલક્ષી આ પ્લોટની જરૂરી વિગતો લેન્ડ પ્રાઈઝ કમિટીને મોકલી પ્લોટની તળિયાની કીંમત પણ નિયત કરાઈ હતી. જેના અંતે પ્રથમ તબક્કાવામાં ૩ પ્લોટ ઓનલાઈન હરાજી કરીને વેચાણ અર્થે મુકવામાં આવ્યા હતા. જેમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં- ૬ ના વિસ્તાર કુડાસણમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કુલની પાછળના ભાગમાં સ્થિત ૫૫૩૯ ચો મી ના પ્લોટની તળિયાની કીંમત રૂ ૪૦,૪૩,૪૭૦૦૦ છે પ્રતિ ચોમી ના રૂ ૭૩ હજાર નિયત કરાયા હતા. જયારે ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૭ સરગાસણમાં નેનો સીટી નજીક સ્થિત ૨૧૧૩૬ ચો મી પ્લોટમાં પ્રતિ ચો મી તળિયાની કીંમત ૫૧ હજાર નિયત કરવામાં આવી હોવાથી તેની કુલ કીંમત ૧૦,૮૯, ૩૬૦૦૦ થાય છે. જયારે ટાઉન પ્લાનીંગ સ્કીમના ૧૩ વાવોલ વિસ્તારમાં શિવેશ ૧૮૨ સોસાયટી નજીક સ્થિત ૨૭૨૯ ચો મી પ્લોટમાં પ્રતિ ચો મી તળિયાની કીંમત ૪૦૯૦૦ નિયત કરવામાં આવી છે. આ પ્લોટની કુલ કીંમત ૧૧,૧૬,૧૬.૧૦૦ થવા જાય છે. જયારે હવે ગુડા દ્વારા આ ત્રણ પ્લોટની હરાજી આગામી તા ૧૫ સપ્ટેમ્બરના બદલે ૩૦ મી સપ્ટેમ્બરના રોજ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે પ્લોટની હરાજીને અનુલક્ષી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની પ્રકીયા તા ૨૬ સપ્ટેમ્બર સુધી કરવાની રહેશે. જયારે હરાજીમાં ભાગે લેનારે પ્લોટની તળિયાની કીંમતનો એક ટકા રકમનો ચેક ડિપોઝીટ તરીકે આપવાનો રહેશે. વાવોલમાં રહેણાંક પ્લોટની હરાજી પ્રકીયા ગત માર્ચ મહીનામાં કરવામાં આવી હતી. જેના અંતે ગુડાને રૂ ૫.૩૧ કરોડની આવક થઈ હતી.

# શાળા સંકુલો આસપાસ તમાકુની બનાવટના વેચાણ સંદર્ભે કડક પગલા લેવા ડીઈઓને સુચના

## વર્ષ ૨૦૧૯ દરમિયાન સર્વેના અંતે ૧૩ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓ પૈકી ૮.૫ ટકા બાળકો એક યા બીજી રીતે વ્યસન કરતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ : શાળા સંકુલો આસપાસ યોગ્ય તપાસ માટે ઝુંબેશ હાથ ધરવી અનિવાર્ય

ગાંધીનગર તા ૧૪

વ્યસન મુક્તિ માટે સમાજમાં જનજાગૃતિ કેળવાય તે માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જયારે સરકાર પણ આ દીશામાં પ્રયત્નશીલ છે. ત્યારે શાળામાં અભ્યાસ કરતા કુમળુ માનસ ધરાવતા વિદ્યાર્થીઓના મન પર વિપરિત અસર ન પડે તેમજ વ્યસનની ગર્તામાં ન ધકેલાય તે માટે શાળા સંકુલ આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં તમાકુની બનાવટના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે આ મામલે વધુ અસરકારક પગલા લેવાની તૈયારી સાથે આ દિશામાં યોગ્ય પગલા લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને પણ આદેશ આપવામાં આવ્યો છે.

વ્યસનની બદીમાં રોજબરોજ અનેક યુવાનો જીવનને નર્કમાં ધકેલી દે છે. જયારે તંદુરસ્ત સમાજની રચના માટે વ્યસન મુક્તિને અનુલક્ષીને પણ વિવિધ સંસ્થાઓ દ્વારા પણ અનેકવિધ જનજાૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. વ્યસન મુકિત માટે એન જી ઓ કક્ષાએથી પણ અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે સરકારે પણ આ મામલે વધુ સજાગતા દાખવવા માટે આયોજન કર્યુ છે. આ વાતના અમલ માટે અગાઉ શહેરની શાળાઓના સંકુલ આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં તમાકુની વિવિધ બનાવટના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે આ મામલે હવે વધુ કડક રીતે અમલ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીને પણ સુચના આપવામાં આવી છે. કન્દ્ર સરકારના જોઈન્ટ સેક્રેટરી દ્વારા શાળાએ જતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં તમાકુથી થતા નુકશાન અંગે જાગૃતિ કેળવવા માટે તેમજ વ્યસનથી વિદ્યાર્થીઓ દુર રહે તે માટે કાયદામાં કરવામાં આવેલી જોગવાઈઓનુ સખતાઈથી પાલન થાય તે માટે રાજય સરકારને પત્ર લખવામાં આવ્યો હતો. જયારે આ અન્વયે ગુજરાત માધ્યમિક અને

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com